# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2025** **Morning : 7.10 to 7.20**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે નર્મદા ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમા વ્યવસ્થાનું નિરીક્ષણ કરશે.**
2. **અમદાવાદમાં આજથી અખિલ ભારતીય કૉંગ્રેસનું બે દિવસનું અધિવેશન યોજાશે.**
3. **મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાની આગેવાનીમાં રાજ્યમાં આજથી ૨૨ એપ્રિલ સુધી 'પોષણ પખવાડીયું' ઉજવાશે.**
4. **ખેતી નિયામકની કચેરીએ હીટવેવથી પાકના રક્ષણ સંદર્ભે માર્ગદર્શિકા જાહેર કરી.**
5. **રાજ્યમાં ગરમીનો પારો ઊંચકાયોઃ કંડલામાં 46 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું.**

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM AT NARMADA PARIKRAMA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે નર્મદા ઉત્તરવાહિની પંચકોશી પરિક્રમા વ્યવસ્થાનું નિરીક્ષણ કરશે. શ્રી પટેલ મા નર્મદાની પૂજા અર્ચના કરી શહેરાવ ઘાટ સુધી પગપાળા પરિક્રમા કરશે.

આ ઉપરાંત મુખ્યમંત્રી પરિક્રમાવાસીઓ સાથે સંવાદ પણ કરશે અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરવામાં આવેલી સુવિધાઓનું નિરીક્ષણ કરશે.

ઉલ્લેખનીય છે કે શ્રદ્ધાળુઓની સુગમતા અને સરળતા માટે ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિક્રમા માર્ગમાં સુવિધાઓ ઊભી કરાઈ છે.

---

# Congress AICC

અમદાવાદમાં આજથી અખિલ ભારતીય કૉંગ્રેસનું બે દિવસનું અધિવેશન યોજાશે. સત્તાવાર યાદી મુજબ , શાહીબાગ વિસ્તારમાં આવેલા સરદાર સ્મારકમાં આજે સવારે 11:30 વાગ્યે કૉંગ્રેસ કાર્યકારિણીની બેઠક યોજાશે. જેમાં સમગ્ર દેશના પ્રદેશ પ્રમુખો, કોંગ્રેસ કાર્યકારિણીના સભ્યો, વિધાનસભા દળના નેતાઓ આવશે. સાંજે પાંચ વાગે સાબરમતી આશ્રમ ખાતે પ્રાર્થના સભા યોજાશે અને સાત વાગે રિવરફ્રન્ટ પર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આવતીકાલે સવારે નવ વાગ્યે સાબરમતીના કિનારે રાષ્ટ્રીય અધિવેશન યોજાશે.

આજે સવારે કોંગ્રેસ સંસદીય પક્ષના નેતા સોનિયા ગાંધી, લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી સહિતનાં વરિષ્ઠ નેતાઓ અમદાવાદ પહોંચશે.

---

## POSHAN PAKHVADIYA

મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાની આગેવાની હેઠળ આજથી 22 એપ્રિલ સુધી પોષણ પખવાડિયું 2025 ઉજવાશે. આ દરમિયાન પોષણ વ્યવસ્થાપન, તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન જેવા વિવિધ પાંચ ક્ષેત્રમાં પોષણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરાશે. સાંભળીએ એક અહેવાલ.

### (વૉઈસકાસ્ટ- પ્રવેશ અડિએચા)

*પોષણ પખવાડિયાનો મુખ્ય ઉદ્દેશ દેશને પોષણયુક્ત બનાવવાનો છે. આ વર્ષના પોષણ પખવાડીયા 2025 માટે કુલ પાંચ મુખ્ય ક્ષેત્ર નક્કી કરાયા છે, જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ એક હજાર દિવસના સમયગાળામાં યોગ્ય પોષણના મહત્વ પર ભાર મૂકવો, સમુદાય આધારિત કાર્યક્રમ દ્વારા અતિ-ગંભીર કુપોષણમાં સુધારણા માટે નક્કર કાર્યવાહી કરવી, બાળકોમાં સ્થૂળતાને અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિશે જાગૃતિ ફેલાવવી જેવા વિષયો પર કામગીરી કરાશે.*

### પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર

---

## GCCI

ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ- GCCI દ્વારા 10થી 12 એપ્રિલ

દરમિયાન વાર્ષિક ટ્રેડ એક્સ્પો -"GATE 2025"નું આયોજન કરાયું છે. અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજનારા આ એક્સ્પોનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરાશે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ઓનલાઈન માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાશે. GATE 2025ની વિષયવસ્તુ "ગુજરાતનો લક્ષ્યાંક વૈશ્વિક મહત્વકાંક્ષા " છે, જે વર્ષ 2047 સુધીમાં દેશને એક વિકસિત રાષ્ટ્ર બનાવવા તરફ પ્રતિબદ્ધ છે.

આ અંગે GCCI નાં પ્રમુખ સંદીપ એન્જિનિયરે માહિતી આપી.

(બાઈટ...સંદીપ એન્જિનિયર પ્રમુખ )

---

# PM SURYAGARH –MODEL SOLAR VILLAGE

પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજનાના ભાગ રૂપે સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા 30 સપ્ટેમ્બર સુધી 'મોડેલ સોલર વિલેજ ' સ્પર્ધા અમલી બની છે. જે અંતર્ગત કચ્છમાં 29, રાજકોટમાં 27, અમરેલીમાં 21 અને ભાવનગરમાં 29 મળીને સૌરાષ્ટ્ર 12 જિલ્લામાં 244 ગામોની નોંધણી કરાઇ છે.

આ યોજના હેઠળ વધુને વધુ લોકો સોલર રૂફટોપ લગાવે , તે માટે દરેક ગામમાં વિવિધ પ્રવૃત્તિ હાથ ધરાશે. વધુમાં વધુ સૌર ઉર્જા ઉત્પાદન કરતાં ગામને કેંદ્ર સરકાર દ્વારા ૧ કરોડ રૂપિયાનું ઇનામ આપવામાં આવશે . આ સ્પર્ધાના સશક્ત અમલીકરણ દ્વારા માત્ર શહેરો જ નહી , પરંતુ નાના ગામો પણ રૂફટોપ સોલારના માધ્યમથી ગ્રીન એનર્જી ઉત્પાદનમાં અગ્રેસર ભૂમિકા ભજવશે.

---

# MAYOR MIRA PATEL

બનાસકાંઠાના ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં વિસ્ફોટની ઘટનાને પગલે અન્ય શહેરોમાં જોખમી એકમો સામે પગલાં લેવામાં આવી રહ્યા છે. પાટનગરમાં  કુલ 213  જોખમી એકમો મળી આવ્યા છે, જે પૈકી 27 અતિ જોખમી એકમો હોવાનું સાબિત થયું છે.

ગાંધીનગર  મહાનગરપાલિકાએ આ અંગેનાં સર્વે બાદ જોખમી એકમોને નોટિસ પાઠવી છે. આગામી સમયમાં સીલ મારવાની પ્રક્રિયા તેમજ જરૂર પડે ડીમોલેશન કરવાનો નિણર્ય લેવામાં આવ્યો છે. ગાંધનીગરનાં મેયર મીરા બેન પટેલે વધુ માહિતી આપી

## બાઈટ – મીરા પટેલ

---

# NARAYAN SAROVAR ST DEPO

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા નારાયણ સરોવર ખાતે આજે નવનિર્મિત બસ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવશે. રાજ્યના પવિત્ર યાત્રાધામમાં સમાવિષ્ટ નારાયણ સરોવર ખાતે રૂ.૧.૧૭ કરોડના ખર્ચે બનેલા બસ સ્ટેશનનું લોકાર્પણ કચ્છના સાંસદ વિનોદ ચાવડાની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

નવનિર્મિત બસ સ્ટેશનમાં મુસાફરો માટે વેઈટીંગ હોલ , ટિકિટ પાસ રૂમ, ઈન્ક્વાયરી રૂમ, કન્ડક્ટર રૂમ સહિતની જન સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

---

# ROAD KHATMURAT

ડાંગ જિલ્લાના લવચાલી અને કસાડબારી ખાતે અંદાજે 6 કરોડ 96 લાખથી વધુના ખર્ચે નિર્માણ થનારા વિવિધ રસ્તાઓનુ ખાતમુહૂર્ત કરાયું. આમાં સુબીર તાલુકાના સુબીર , લવચાલી, કસાડબારી, મહાલ, લહાન કડમાળ અને ઇસખંડી વી.એ રોડનો સમાવેશ થાય છે.

---

# TAPI

વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના જૂના બેજ ગામ ખાતે સાત કરોડ 59 લાખ રૂપિયાનાં નવનિર્મિત થનારા હાઇલેવલ બ્રિજ અને રોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું.

---

# VYAYAM SHIKSHAK- AAVEDAN PATAN

પાટણમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ધોરણે ભરતી કરવાની માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું હતું. પ્રાથમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ વિષયના શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓ કાયમી ધોરણે ભરવામાં આવે તેવી માંગ ક્રિડા ભારતી સંસ્થા દ્વારા કરાઇ છે. હાલમાં રાજ્યમાં ખેલ સહાયકો હંગામી ભરતી કરાઇ રહી છે.

---

# EX-SERVICEMEN CONFERENCE-AHMEDABAD

અમદાવાદ કેન્ટોનમેન્ટ ખાતે 20 એપ્રિલે ભૂતપૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતો માટે સંમેલન યોજાશે. આ સંમેલનમાં નિવૃત્તિ પછીના લાભો , ફરિયાદોના નિરાકરણ, દસ્તાવેજીકરણમાં થતી વિસંગતતાઓને દૂર કરવા સહિતની માહિતી પૂરી પડાશે. આ સંમેલનમાં અમદાવાદ , ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, અરવલ્લી, સાબરકાંઠા અને પાટણના નિવૃત્ત સૈનિકો અને તેમના આશ્રિતો ભાગ લેશે તેમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

---

# HEATWAVE FARMERS ADVISORY

ખેતી નિયામકની કચેરીએ હીટવેવથી પાકના રક્ષણ સંદર્ભે માર્ગદર્શિકા જાહેર કરી છે. જે મુજબ વહેલી સવારે અને સાંજના સમયે ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. જમીનમાં ભેજ નું પ્રમાણ જાળવી રાખવા પાકનાં અવશેષોને માટી વડે આચ્છાદન કરવું. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું , પશુઓને છાંયડામાં રાખવાં તેમજ વારંવાર પાણી આપવું જેવા પગલાં આ માર્ગદર્શિકામાં સૂચવવામાં આવ્યા છે.

---

# WEATHER

રાજ્યમાં ગરમીનો પારો ઉંચકાઈ રહ્યો છે. હવામાન વિભાગે આજે કચ્છમાં હિટવેવનો રેડ એલર્ટ યથાવત રાખ્યો છે, જ્યારે ઉતર ગુજરાતમાં પણ ચાર દિવસ હિટવેવની આગાહી છે. આગામી ત્રણ દિવસ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ નહીવત છે. ત્યારબાદ બેથી ચાર ડિગ્રીનો ઘટાડો થાય તેવી સંભાવના છે. 10 એપ્રિલ સુધી તાપમાન 41 થી 45 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેશે. કચ્છ તેમજ સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં 9 એપ્રિલ સુધી હીટવેવ યથાવત રહેશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, ગઈ કાલે કંડલા એરપોર્ટ ખાતે મહતમ તાપમાન 46 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સુરેન્દ્રનગર અને રાજકોટમાં 44 ડિગ્રી, અમરેલી, અમદાવાદ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી, જ્યારે વડોદરા અને સુરતમાં અનુક્રમે 42 અને 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. 11 એપ્રિલથી રાજ્યમાંથી હીટવેવ દૂર થાય તેવી શકયતા છે.

---

# Raksha shakti uni- vushu leage 2025

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા આયોજિત અસ્મિતા ખેલો ઇન્ડિયા રાષ્ટ્રીય વુષુ લીગ સ્પર્ધા 2025નું ગઇકાલે સમાપન થયું છે. આ સ્પર્ધામાં વિવિધ રાજ્યોમાંથી જૂનિયર અને સબ-જૂનિયર કેટેગરીના 400થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને રોકડ ઇનામ અને રમત ગમત સત્તામંડળ દ્વારા તાલીમની સુવિધા પૂરી પડાશે.

---

# TRIPURA GOVERNOR VISITS MODHERA

ત્રિપુરાના રાજ્યપાલ એન. ઈન્દ્રસેના રેડ્ડીએ મહેસાણાનાં મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત લીધી હતી. દરમિયાન તેઓ સૂર્યમંદિરના ખગોળીય અને વૈજ્ઞાનિક અને ધાર્મિક મહત્વથી અભિભૂત થયા હતા. શ્રી રેડ્ડીએ મંદિરના મહત્વ અને તેની વિશેષતાઓ અંગે માહિતી મેળવી હતી.

ઉપરાંત ગાંધીનગર રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ત્રિપુરાના રાજ્યપાલનું સ્વાગત કર્યું. શ્રી રેડ્ડી આજે માધવપુર ઘેડ મેળામાં ભાગ લેવા માધવપુર પણ જશે.

---